# SHREE VASISHTHA VIDHYALAYA, VAV.

## (ગુજરાતી માધ્યમ/દ્વિભાષી માધ્યમ)

## “मातृदेवो भव:, पितृदेवो भव:”



## “૧૪ ફેબ્રુઆરી, માતૃ-પિતૃ ભાવવંદના દિન”

આત્મીય વાલીશ્રી, વંદે માતરમ્

ભારતીય સંસ્કૃતિમાં માતા-પિતાને દેવ સમાન ગણવામાં આવ્યાં છે. બાળકો દેશની ભવ્ય સંસ્કૃતિથી વિમુખ ન થાય અને તેમના ઘડતરમાં ઉત્તમ સંસ્કારનું સિંચન થાય, જીવનમાં માતા-પિતાનું મહત્વ સમજે તેમના પ્રત્યે આદરભાવ કેળવે, તાદાત્મ્ય કેળવે, ભારતીય સંસ્કૃતિની ગરિમા અને પરંપરા પ્રત્યે આદરભાવ કેળવે, દરરોજ માતા-પિતાને વંદન કરે તેવા હેતુથી બાળક માતૃ-પિતૃ ભાવવંદના ઘરે કરે તે માટે બાળકને પ્રોત્સાહન આપવું.

આપ જયારે આપના બાળકો સાથે હ્રદયના તાંતણે જોડાયેલા છો ત્યારે આવા સોનેરી તાંતણાને વધારે મજબૂતાઈ આપવાનું કાર્ય અમો માતૃ–પિતૃ ભાવવંદનાના માધ્યમથી કરવા જઈ રહ્યા છીએ ત્યારે **‘વિનમ્રતા થીમ’** અંતર્ગત વિદ્યાર્થીઓ માતાપિતાનું પૂજન કરીને માતાપિતા પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરે તે હેતુથી આપશ્રી આ પૂજન વિધિના કાર્યક્રમમાં બાળકની સાથે રહી, પ્રેરણા – પ્રોત્સાહન પૂરું પાડી સહભાગી બનશો.

P.T.O.

## માતૃ-પિતૃ ભાવવંદના…

**"પથ્થર પૂજયા પૃથ્વી તણા, ત્યારે દીઠું તમ મુખડું;**
**એ પુનિત જનનાં કાળજા, પથ્થર બની છૂંદશો નહીં."**

✪ વિદ્યાર્થી મિત્રો,

માતૃ-પિતૃ ભાવવંદના અંતર્ગત તા.14/02/2025 ને શુક્રવારના રોજ સવારે કે અનુકૂળતા મુજબ પૂજન માટેની જરૂરી સામગ્રી લઈને નીચે આપેલ ક્રમ મુજબ માતાપિતાનું પૂજન કરી તેમને નમસ્કાર કરીશું.

1. વિદ્યાર્થીએ માતા-પિતાને યોગ્ય આસન પર બેસાડવા.
2. વિદ્યાર્થીએ કંકુ-ચોખા,ફૂલ વગેરે **દ્વારા** માતા-પિતાનું પૂજન કરવું.
3. વિદ્યાર્થીએ પૂજન થયા બાદ માતા-પિતાની આરતી કરવી.
4. વિદ્યાર્થીએ આરતી પૂર્ણ થયા બાદ માતા-પિતાને નમસ્કાર કરી આશીર્વાદ લેવા.
5. વિદ્યાર્થીએ નમસ્કાર કર્યા બાદ માતા-પિતાની ક્ષમાયાચના કરવી અને આદર્શ સંતાન બનવા માટેની પ્રતિજ્ઞા લેવી.

✪ વિદ્યાર્થી મિત્રો, માતાપિતાનું પૂજન કરતાં ફોટો કે વિડિયો વર્ગશિક્ષકને વોટ્સઅપ પર મોકલીશું.

**જીવનમાં ગમે તેટલાં**
**મોટા બની જાઓ ,**
**પણ મા-બાપના ઋણને**
**ક્યારેય ના ભૂલતા!!**